# ખેડૂત અને વાંદરો

– પ્રિયા રાબડિયા

એક હતો ખેડૂત. નામ એનું ભલાભાઈ. જેવું નામ એવા ગુણ. એક વાર ખેતરમાં ભલાભાઈ કામ કરતા હતા. એમનો દીકરો જગુ વડના ઝાડ નીચે રમતો હતો. ઝાડ પર એક વાંદરો બેઠો હતો. જગુ વાંદરા સામે જોઈને હસે, ચાળા પાડે, પણ વાંદરો કંઈ ન બોલે.

એટલામાં એક સાપ નીકળ્યો. તે જગુ તરફ જોઈ રહ્યો હતો. જગુનું ધ્યાન તે તરફ ન હતું. તરત વાંદરો કૂદકો મારી નીચે આવ્યો, સાપની નજીક પડયો ને સાપની પૂંછડી પકડીને તેને દૂર ફેંકી દીધો. હવે જગુનું ધ્યાન ગયું. તે બૂમાબૂમ કરવા લાગ્યો, 'બાપા, દોડો, સાપ !' ભલાભાઈ દોડતા આવ્યા. જગુ કહે, 'બાપા, આ વાંદરાભૈએ સાપને પકડીને જો દૂરના ફેંક્યો હોત તો તે મને કરડત !'

ભલાભાઈ હાથ જોડી વાંદરાને કહે, 'વાંદરાભૈ, તારો ખૂબખૂબ આભાર. આજે તેં મારા જગુનો જીવ બચાવ્યો. બોલ, તને શું ઇનામ આપું ?'

વાંદરો કહે, 'ભલાકાકા, મેં આમાં કશો ઉપકાર નથી કર્યો. મારું ધ્યાન ગયું ને મેં મારાથી બનતો પ્રયત્ન કર્યો.'

ભલાભાઈએ વાંદરાને એક કેળું આપ્યું. વાંદરો રાજી થઈ તે લઈ ને ગયો. ભલાભાઈ પાછા કામે વળગ્યા અને જગુ રમવા લાગ્યો.

બીજો દિવસ ઊગ્યો. વાંદરો આવ્યો. ભલાકાકાએ બે કેળાં આપ્યાં. વાંદરો તે લઈને જતો રહ્યો. જગુ રમવા લાગ્યો. ભલાકાકા કામે વળગ્યા.

ત્રીજો દિવસ ઊગ્યો. વાંદરો આવ્યો. ભલાકાકાએ બે કેળાં ધર્યા એટલે વાંદરો કહે, 'ભલાકાકા, ત્રણ કેળાં આપજો હોં !'

ભલાકાકાએ હસીને કહ્યું, 'એમ કરવાથી તું રાજી થતો હોય તો લે આ ત્રણ કેળાં.'

ત્રણ કેળાં લઈને વાંદરો ગયો. ભલાકાકાને મનમાં વિચાર આવ્યો કે વાંદરો કેળાં તો ખાતો નથી, તો તે આ કેળાંનું શું કરતો હશે ?

ચોથા દિવસે વાંદરો આવ્યો. ભલાકાકા ત્રણ કેળાં ધરે તે પહેલાં વાંદરો બોલ્યો, 'ભલાકાકા, આજે તો ચાર કેળાં આપજો હોં !'

ભલાકાકાએ પૂછ્યું, 'વાંદરાભૈ, ભલે, પણ એક સવાલ પૂછું ?'

વાંદરો કહે, 'સવાલ પૂછવો હોય તો રહેવા દો, નથી લેવાં કેળાં.' વાંદરો રિસાઈ ગયો.

ભલાકાકા કહે, 'ભલે, ભૈ, લે આ ચાર કેળાં, બસ ? હવે તો રાજીને ?'

વાંદરો ચાર કેળાં લઈ એના રસ્તે પડયો.

પાંચમો દિવસ ઊગ્યો. ફરી વાંદરો આવ્યો. ભલાકાકા કહે, 'વાંદરાભૈ, આજે ચાર કે પાંચ ?' હવે ભલાકાકાથી રહેવાયું નહીં. વાંદરો રોજરોજ એકએક કેળું વધારે માગી રહ્યો હતો. વળી એ પોતે ખાતો ન હતો, લઈને જતો રહેતો હતો. એ કેળાંનું શું કરતો હશે ? ભલાકાકાને જિજ્ઞાસા થઈ.

'વાંદરાભૈ, આજ તું સાચી વાત નહીં કરે ત્યાં સુધી હું તને કેળાં નહીં આપું.' કાકાએ કહ્યું એટલે નાછૂટકે વાંદરાએ કહ્યું, 'તો સાંભળો, આ કેળાં હું નાનાંનાનાં વાંદરાંઓને ખાવા માટે લઈ જઉં છું. મારે તો એકેય બચ્ચું નથી, પણ મારી ટોળીમાં ઘણાં બચ્ચાં છે, એમને વહેંચી દઉં છું. પણ રોજ કેળાં ખાનાર બચ્ચાંની સંખ્યા વધતી જાય છે, એટલે નાછૂટકે કેળાં વધારતો જાઉં છું.'



ભલાકાકાને વાંદરાની વાત ગમી. તેમણે પૂછ્યું, 'તું કેટલાં કેળાં ખાય છે ?'

'એક પણ નહીં, વાંદરાએ કહ્યું. કેમ ?' ભલાકાકાએ પૂછ્યુ. 'વધે તો ખાઉં ને ? એ નાનાંનાનાં બાળકોને મૂકીને મારાથી કેમ ખવાય ?'

ભલાકાકાને વાંદરાની આ ભાવના વધુ સ્પર્શી ગઈ. તેઓ કહે, 'એમ કર, કાલે એ બધાં બાળકોને લઈ તું અહીં આવ. તમારા માટે હું મોટો ટોપલો ભરી કેળાં લાવીશ. કરો ઉજાણી !'

વાંદરાભાઈ રાજી થયા. તેઓ કહે, 'પણ એક શરત છે.'

'કેમ ?' ભલાકાકાએ પૂછ્યું.

'બસ, પછી હું કશું નહીં માગું ને તમારે પણ કશું નહીં આપવાનું. મારા ઉપકારની આ વાત ભૂલી જવાની.' ભલાકાકા સંમત થયા.

પછીના દિવસે ભલાકાકા આવ્યા તે પહેલાં વાંદરો અને બચ્ચાંઓ આવી ગયાં હતાં. ભલાકાકાએ તેમની સામે ટોપલો મૂકી કહ્યું, લો, કરો ઉજાણી !'

બચ્ચાં એમ જ બેસી રહ્યાં. ભલાકાકાને નવાઈ લાગી એટલે વાંદરાને પૂછ્યું, 'આ કેમ ખાતાં નથી ?' વાંદરો કહે, 'હું આપીશ પછી ખાશે.'

આમ બધાએ શાંતિપૂર્વક આનંદથી ઉજાણી કરી.

■